### હિંમતનગર સિવિલ હોસ્પિટલની વધુ એક સરકારી સામે આવી

# લ્યો બોલો ? એમ્બ્યુલન્સ વાન નર્સિંગનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સ્કૂલ બસ બની...!

## નર્સીંગ કોલેજના વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં લઈ જવા બસની વ્યવસ્થા કરવાની જગ્યાએ સિવિલ ? સત્તાધિશો એમ્બ્યુલન્સમાં ૩૦થી વધુ વિદ્યાર્થીઓને ઘેટા-બકરાની માફક અવર જવર કરાવે છે

હિંમતનગર, તા.૦૪

સાબરકાંઠા - અરવલ્લી જિલ્લાના લોકોની જીવાદોરી એટલે ૧૦૮ એમ્બ્યુલન્સની સેવા. આ એમ્બ્યુલન્સની સેવા ઘણા લાંબા સમયથી લાખો લોકોની મદદ કરી છે અને જરૂરિયાત સમયે લોકોને તાત્કાલિક પોલીસ, મેડિકલ અને ફાયર બ્રિગેડ જેવી અનેક સેવાઓ આપીને લાખો લોકોના જીવ બચાવ્યા છે.

હાલમાં ૧૦૮ની સેવાને વ્યાપક અને પરિણામલક્ષી બનાવવા માટે સરકારે મોબાઈલ એપ પણ શરૂ કરી છે આ મોબાઈલ એપ લોન્ચ કરવાનું કારણ એ છે કે જો કોઈ ઘટના સ્થળેથી કોલ કરે તો કોલ કરનારને ચોક્કસ સ્થળ લોકેશન ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર ખાતે તરત જ ગૂગલના નકશા લેટ લોન્ગ સાથે મળી જાય છે જેના કારણે ઓપરેટરે ઘટનાની માહિતી મેળવવાની જરૂર રહેતી નથી અને સમયનો બચાવ થાય છે અને ૧૦૮ ઈમર્જન્સી તાત્કાલિક કોલ કરના માણસના ઘટનાસ્થળે પહોંચી જાય છે.

જયારે પણ મેડિકલ ઈમરજન્સી ની જરૂર પડી તો સૌથી ઉત્તમ વાહન ૧૦૮ ગણાય છે કેમ કે ઘરેથી હોસ્પિટલ પહોંચતાં પહેલા પ્રાથમિક બધી સેવા ૧૦૮ના શરૂ થઈ જાય છે જેનાથી માણસનો જીવ બચી શકે છે હાલમાં ચાલતી ૧૦૮ એમ્બ્યુલન્સમાં આધુનિક મેડિકલ ઉપકરણો દવાઓ , વેન્ટિલેટર મશીનો નો સમન્વય કરવામાં આવે છે જેથી બધી જ સારવાર પ્રાથમિક સારવાર ૧૦૮ માં મળી રહે છે .

સાબરકાંઠા - અરવલ્લી જિલ્લામાં ૧૦૮ ઈમરજન્સી સેવાનો દુર ઉપયોગ કર્યો હોવાની અનેક ઘટનાઓ અખબારોમાં પ્રસિદ્ધ થઈ ચૂકી છે ત્યારે ૧૦૮ ઈમરજન્સી સેવાનો દુર ઉપયોગ કરતો એક નવો જ કિસ્સો સામે આવ્યો છે જેમાં હિંમતનગર સિવિલ હોસ્પિટલની ગંભીર બેદરકારી સામે આવી છે હિંમતનગર સિવિલ હોસ્પિટલના વહીવટી તંત્ર દ્વારા નર્સિંગ કરતી વિદ્યાર્થીઓને અવર-જવર માટે બસની સુવિધા કરી આપવાને બદલે ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ મારફતે રોજિંદા અવર જવર કરાવવામાં આવી રહી છે એમાં પણ કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા કોરોના મહામારી અંતર્ગત જાહેર કરવામાં આવેલ ગાઈડલાઈનનું પણ ઉલ્લંઘન કરી ૩૦ થી વધુ વિદ્યાર્થીઓને ઘેટાં બકરાંની માફક એમ્બ્યુલન્સ વાનમાં બેસાડીને અવર-જવર કરાવવામાં આવી રહી છે.

ત્યારે જો જીલ્લામાં કાઈ મોટી ઘટના બને કે તાત્કાલીન એમ્બ્યુલન્સ ની જરૂરત ઉભી થાય તો દર્દી નું શું ? તેવો જીનવમરણનો સવાલ ઉભો થયો છે. ત્યારે હિંમતનગર સિવિલ હોસ્પિટલના વહીવટીતંત્ર દ્વારા ઈમર્જન્સી સેવાનો દુર ઉપયોગ કરી સિવિલ હોસ્પિટલમાં નર્સિંગ નો અભ્યાસ અર્થે આવતી વિદ્યાર્થીઓને બસ ની સુવિધાઓ કરી આપવાને બદલે ઘેટાં બકરાં ની માફક એમ્બ્યુલન્સમાં એક સાથે અવર જવર કરવામાં આવી રહી છે ત્યારે એમ્બ્યુલન્સ ના કરે નારાયણ અને અકસ્માતનો ભોગ બને તું વિદ્યાર્થીઓના જીવનું શું ? તેઓ પ્રશ્ન ઉભો થવા પામેલ છે ત્યારે હિંમતનગર સિવિલ હોસ્પિટલ વહીવટીતંત્ર દ્વારા નર્સિંગ કરતી વિદ્યાર્થીઓ માટે બસની સુવિધા ઊભી કરવામાં આવે તે જરૂરી બન્યું છે.

# પાલનપુર પાલિકા દ્વારા બાકી ભાડા પેટે ૧૦ દુકાનો સીલ કરાઈ

## સાત દુકાનોના વેપારીઓ દ્વારા રૂ.૧,૨૫,૦૦૦ ભાડુ ભરપાઇ કરતા સીલ ખોલાયુ

પાલનપુર નગરપાલિકાની દ્વારા બાકી ભાડાંપેટે ૧૦ વેપારીઓની દુકાનોને સીલ કરવામાં આવી હતી.ત્યારબાદ ભાડાની બાકી રકમની ભરપાઈ કરવામાં આવતા પાલિકા દ્વારા ૭ દુકાનોનું સીલ ખોલવામાં આવ્યુ હતુ.

પાલનપુર શહેરમાં નગરપાલિકાની માલિકીની ૧૨૦૦ દુકાનો આવેલી છે. જેનું ભાડુ વેપારીઓ દ્વારા લાંબા સમય થી ભરપાઈ કરવામાં આવતુ ન હતુ. જેના પગલે પાલિકાના ચિફ ઓફીસર સતિષ પટેલની સુચનાથી અવાર-નવાર ભાડુ ભરવા માટે નોટીસ આપી જાણ કરવામાં આવતી હતી. પરંતુ વેપારીઓ દ્વારા ભાડુ ભરવામાં ન આવતા પાલિકાના ટેક્ષ ઈન્સપેક્ટર મહેશભાઈ જોષી દ્વારા વહેલી સવારે ટીમ સાથે દુકાનોનું ભાડુ લાંબા સમયથી બાકી હોય તેવા બાકીદારોની ૧૦ દુકાનોને સીલ મારવામાં આવી હતી.

જેથી વહેલી સવારે દુકાન ખોલવા આવેલા વેપારીઓએ દુકાનને સીલ મારેલુ જોતા પાલિકા દોડી આવ્યા હતા. ત્યારબાદ પાલિકા દ્વારા ૭ જેટલી દુકાનો પાસેથી રૂ.૧,૨૫,૦૦૦ સ્થળ ઉપર ભાડુ વસુલ કરી ૭ દુકાનોનું સીલ ખોલવામાં આવ્યુ હતુ.



લાંબા સમયથી દુકાનોનું ભાડુ બાકી હોય તે દુકાનો પાસેથી છેલ્લા ત્રણ માસમાં ૫૦ લાખથી વધુ પાલિકા દ્વારા ભાડુ વસુલ કરવામાં આવ્યુ છે.

પાલનપુર પાલિકાની ૧૨,૦૦ દુકાન આવેલી છે. જેમાં હજુ ૧૨ લાખ જેટલુ દુકાનોનું ભાડુ બાકી છે. જે માર્ચ મહીના સુધીમાં વેપારીઓ દ્વારા ભરપાઈ કરવામાં નહી આવે તો પાલિકા દુકાનનો કબજો લેવાની કાર્યવાહી કરશે.તેમ પાલિકા નાં સુત્રોએ જણાવ્યું હતું. આ કામગીરીમાં મહેશભાઈ જોશી - ટેક્સ ઈન્સ્પેક્ટર તેમજ નગરપાલિકા ના કર્મચારી મહેન્દ્રભાઈ ડામોર, ગજેન્દ્રભાઈ ત્રિવેદી, ધર્મેન્દ્ર પઢીયાર, પ્રવિણ ડાભી, સંદીપ અનાવાડિયા, બીપીન પરમાર સહિતની ટીમ જોડાઈ હતી.

### ચૂંટણીની અદાવતમાં ઘર સળગાવ્યું

# મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં ચાંદટેકરીના ૪ અપક્ષ ઉમેદવારોની હાર થતા એક પરિવારના ઘરને આગ ચાપી

વર્ષોથી ભાજપ સાથે ગઠબંધન ધરાવતા ચાંદ ટેકરીના



અપક્ષ ઉમેદવારોની હાર થતા, ચાંદ ટેકરીના રહિશોએ રોષે ભરાયા હતા. તેવા માં કેટલા અસામાજીક તત્વો દ્વારા કોંગ્રેસ ના ઉમેદવાર ના સંબધીનું ઘર સળગાવી દેતા વાતાવરણ માં તંગદીલી ફેલાઈ હતી. પીડિત પરિવારે આક્ષેપ કર્યો હતો કે તેમના સંબધી કોંગ્રેસ ની પેનલ માં વિજઈ બનતા તેઓ સરઘસ માં જોડાયા હતા તેની અદાવત રાખી તેમનું મકાન હારી ગયેલા ઉમેદવારો ની ઉશ્કેરણી થી સળગાવામાં આવ્યુ છે. પીડિત પરિવાર મૂળ રાણા સૈયદનો રહેવસી હતો પરંતુ ચૂંટણીના એક વર્ષ પુર્વે ચાંદ ટેકરી રહેવા જતા રહ્યો હતો.

નોંધનીય છે કે ગત ટર્મમાં ભાજપને ૧૮ સીટ મળી હતી ત્યારે બહુમતના જાદુઈ આંકડાને સ્પર્શ કરવા માટે વોર્ડ.નં-૯ ના મુલતાની સમાજના ૪ અપક્ષ ઉમેદવારોનું સમર્થન મેળવી ૫ વર્ષ સત્તા ભોગવી હતી. છેલ્લી બે ટર્મથી ચાંદટેકરી અને રાણાસૈયદ વિસ્તારમાં સર્વસંમતિથી, ૪ અપક્ષ ઉમેદવારો ચૂંટતા હતા. પરંતુ આ વખતે મોડાસા નગરપાલિકાની ચૂંટણી પુર્વે વોર્ડ.નં-૯ ના મુલતાની સમાજના મતદારોમાં બે ભાગ પડી ગયા હતા. વોર્ડ.નં-૯ માં રાણાસૈયદ વિસ્તારમાંથી મુલતાની સમાજના ૨ ઉમેદવાર અને લઘુમતી સમાજના બે ઉમેદવારોએ કોંગ્રેસમાંથી ઝંપલાવતા તેમની જંગી બહુમતિ થી જીત થઈ હતી જ્યારે ચાંદ ટેકરી થી અપક્ષ ઉમેદવારો ની હાર થઈ હતી.

# વિજયનગરના વણજ બસ સ્ટેન્ડ પાસે સ્કોર્પિઓ ગાડીની ટકકરે બાઈક સવાર ત્રણ ગંભીર

હિંમતનગર તા.૦૪

વિજયનગર તાલુકાના વણજ પાસે સ્કોર્પિઓ ગાડીની ટકકરે બાઈક સવાર ત્રણ જણ ઘાયલ થતા ત્રણેય ઈજાગ્રસ્તને ઈડર દવાખાને ખસેડાયા હતા.ગાડીના ચાલક સામે ગુનો નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

રાજસ્થાનના કાવજીભાઈ હુરમાજી . અસારી(, ઉ.વ. ૩૨ એ વિજયનગર પોલિસ મથકે નોંધાવેલ ફરિયાદ મુજબ ફરિયાદીનો દિકરો પ્રવિણભાઈ કાવાજી અસારી તથા ગામના અર્જુનભાઈ જયપ્રકાશ ડામોર તથા પ્રિયાબેન મહેન્દ્રભાઈ ડામોર એ ત્રણેય જણા અર્જુનભાઈના બાઈક ઉપર સારોલી ગામે સામાજિક કામે જવા રવાના થયેલ હતા . વણજ બસ સ્ટેન્ડ પાસે રોડ ઉપર તો સ્કોર્પીયો ગાડીની ટકકરથી બાઈક ફંગોળાઈ જતા ત્રણેય બાઈક સવારો પટકાતા ઈજાગ્રસ્ત થયા હતા.

# વડોદરામાં કન્યા વિદાય વેળાએ ઢળી પડી, હોસ્પિટલમાં મોત થયું

## કન્યાને હોસ્પિટલમાં ખસેડાતાં કોવિડ ટેસ્ટ કરાયો ત્યારે તે કોવિડ-૧૯ રિપોર્ટ પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું

વડોદરા, તા. ૪

રાજ્યના વડોદરા શહેરમાંથી ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે કે જેમાં વડોદરાના ગોત્રી વિસ્તારમાં વિદાય વેળાએ કન્યાનું મોત નીપજતા હરખનો પ્રસંગ શોકમાં ફેરવાયો છે. વિદાય વખતે કન્યાને ચક્કર આવતા તે ઢળી પડી હતી. પછી તેને હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. પરંતુ હોસ્પિટલમાં સારવાર દરમિયાન કન્યાનું મોત નિપજ્યું હતું.

વધુ મળતી માહિતી મુજબ, વડોદરાના ગોત્રી વિસ્તારમાં રહેતા મહિલાના લગ્ન ૪૪ વર્ષની ઉંમરે નક્કી થયા હતા. તારીખ ૧ માર્ચે આ મહિલાના લગ્ન થયા હતા અને ૩ દિવસ પછી આજે આ મહિલાની વિદાયવેળા હતી. ઘરમાં વિદાયવેળાએ આ કન્યાને ચક્કર આતા પરિવારજનોએ ૧૦૮ એમ્બુલન્સ બોલાવી હતી. કન્યાને સારવારઅર્થે હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી કે જ્યાં તેનંબ મોત નીપજ્યું હતું. જ્યારે આ કન્યાનો કોવિડ ટેસ્ટ કરવામાં આવ્યો ત્યારે જાણવા મળ્યું કે તે કોરોના પોઝિટિવ હતી.

વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં આ ઘટના બની છે કે જ્યાં લગ્ન બાદ આજે સવારે કન્યાની વિદાય રાખવામાં આવી હતી. આ દરમિયાન કન્યાને અચાનક ચક્કર આવ્યા હતા અને તે ઢળી પડી હતી. બાદમાં કન્યાને સારવાર માટે તાત્કાલિક હૉસ્પિટલ ખસેડવામાં આવી હતી. હૉસ્પિટલ ખાતે સારવાર દરમિયાન આ મહિલાનું મોત નીપજ્યું હતું. આ દરમિયાન કન્યાનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ આ મહિલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. અહીં નોંધનીય છે કે વિદાય પ્રસંગે કન્યાએ દુનિયામાંથી 'વિદાય' લઈ લેતાં વર અને કન્યા એમ બંને પક્ષના લોકોને આઘાત લાગ્યો હતો. બીજી તરફ કન્યાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા પણ દોડધામ મચી ગઈ હતી. લગ્ન પ્રસંગમાં અનેક લોકો એકઠા થયા હોવાથી અન્ય લોકોને પણ કોરોનાનો ચેપ લાગવાનો ખતરો હોવાથી કન્યાના સંપર્કમાં આવેલા લોકોએ ટેસ્ટ કરવા માટે દોડાદોડ કરી હતી.

# ગુજરાત એટીએસની ૪ મહિલા અધિકારીઓ ઉપર ફિલ્મ બનશે

## સૌથી ખતરનાક મિશનને સંતોક ઓડેદરા, નિત્મિકા ગોહિલ, અરુણા ગામેતી, શકુંતલા માલે સફળતાથી પાર પાડ્યું હતું

અમદાવાદ, તા. ૪

બોલિવૂડમાં અત્યારસુધીમાં પોલીસ પરથી જેટલી પણ ફિલ્મો બની તે તમામ પર પુરુષોનું વર્ચસ્વ રહ્યું છે. જો કે, આ વખતે મહિલાઓ પુરુષના વર્ચસ્વને તોડવા માટે તૈયાર છે. મહિલાઓની વીરતાની કહાણીઓમાંથી એક મોટી સ્ક્રીન પર આવવા માટે તૈયાર છે. જેના પરથી ફિલ્મ બનવાની છે તે ઘટના ૨૦૧૯ની છે જયારે એન્ટી-ટેરરિઝમ સ્કવોડની મહિલા ટીમે ગુજરાતના સૌથી ખુંખાર ગુનેગારોમાંથી એકને પકડી પાડ્યો હતો. આ એટીએસના સૌથી ખતરનાક મિશનમાંથી એક હતું. અલગ-અલગ બેકગ્રાઉન્ડ ધરાવતા, સંતોક ઓડેદરા, નિત્મિકા ગોહિલ, અરુણા ગામેતી અને શકુંતલા માલ-એમ ચાર મહિલા પોલીસકર્મીઓએ પોતાની જાતને જોખમમાં મૂકીને મિશનને સફળતાપૂર્વક પૂરુ પાડ્યું હતું અને ગુનેગારને પકડી પાડ્યો હતો.

ગુજરાત એન્ટી-ટેરરિઝમ સ્કવોડના ડીઆઈજી હિમાંશુ શુક્લા એ વ્યક્તિ હતા જેમણે આ ચારેય મહિલાઓને મિશન માટેની જવાબદારી સોંપી હતી. તેમણે કહ્યું કે, આ મિશન દરેક માટે તે વાતનું રિમાઈન્ડર છે કે પોલીસ વિભાગમાં મહિલાઓ પ્રત્યેનો ભેદભાવ એ માત્ર પુરુષવાદના અતિઅભિમાન સિવાય બીજું કંઈ નથી. આ એક ખતરનાક ઓપરેશન હતું અને મને ટીમ પર ગર્વ છે. મને ખુશી છે કે તેમના આ બહાદુર પ્રયાસને હવે મોટા પડદા પર દેખાડવામાં આવશે. આ ઐતિહાસિક ઓપરેશનમાં ચાર મહિલાઓને મદદરુપ થનારા પોલીસ ઈન્સપેકટર જીગ્નેશ અગ્રાવત હતા, જેમની ગ્રાઉન્ડ ઈન્ટેલિજન્સ કુશળતાએ ટીમને માર્ગદર્શન આપ્યું હતું. ચારેય મહિલા પોલીસકર્મીઓના રોલ માટે કાસ્ટિંગની પ્રક્રિયા હાલ ચાલુ છે. ડિરેક્ટર આશિષ આર મોહને કહ્યું કે, આ બહાદુર મહિલાઓની પ્રેરણાદાયી કહાણીને મોટી સ્ક્રીન પર દેખાડવી તે મારા માટે ખરેખર ગર્વની વાત છે.

# વોર્ડ નં.૧૦માં હારનો સામનો કરનાર પાલનપુર શહેર કોંગ્રેસ ઉપપ્રમુખનું રાજીનામું

પાલનપુર નગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસના પદાધિકારીઓ ટીકોટોની વહેંચણી બાદ યોગ્ય પ્રકારે પ્રચાર કરવામાં નિષ્ક્રીય રહેતા કેટલાક ઉમેદવારો સામાન્ય વોટોથી પરાજય થયા હતા. જેમાં પાલનપુર શહેર કોંગ્રેસ ઉપપ્રમુખનો પણ નજીવા વોટથી પરાજય થતા તેમને પધાધિકારીયો પ્રચાર કરવામાં નિષ્ક્રીય રહ્યા જેના કારણે હાર થઈ હોવાના આક્ષેપો કરી કોંગ્રેસમાંથી રાજીનામુ આપ્યુ હતુ.

પાલનપુર નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે ૩૨ અને કોંગ્રેસે ૧૨ બેઠકો મેળવી હતી.જેમાં પાલનપુર નગરપાલિકા વોર્ડ નંબર ૧૦ માંથી કોંગ્રેસના શહેર ઉપ પ્રમુખ જીતેન્દ્રકુમાર ઠાકોર ચૂંટણી જંગમાં ઉતર્યા હતા. જેમાં તેમને કુલ વોટ ૧૭૭૪ મળ્યા હતા.અને ૪૦ વોટથી તેમનો પરાજય થયો હતો.જેથી જીતેન્દ્રકકુમાર ઠાકોરે કોંગ્રેસમાંથી રાજીનામુ આપ્યુ હતુ.

આ અંગે પાલનપુર શહેર કોંગ્રેસ ઉપ પ્રમુખ જીતેન્દ્રકુમાર ઠાકોરે જણાવ્યુ હતુ કે, કોંગ્રેસના પદાઅધિકારીઓ દ્વારા પાલિકાની ચૂંટણીમાં ટીકીટ આપી હતી. પરંતુ ચૂંટણી સમય કોંગ્રેસના પદાધિકારીઓ અને કાર્યકરો પ્રચાર કરવામાં નિષ્ક્રીય રહ્યા હતા. જેના કારણે આ વખતે કોંગ્રેસની સીટોમાં મોટો ઘટાડો થયો છે.

### રમત-ગમત માટે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિકસાવામાં આવી રહ્યા છે. વિધાનસભામાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડો સી જે ચાવડાએ પુછેલા પ્રશ્નના ઉત્તરમાં રમત ગમત મંત્રીએ જણાંવાયા મુજબ ગાંધીનગર જિલ્લામાં રમતગમતના મેદાન માટે છેલ્લા બે વર્ષમાં રૂ ૨૦૦ લાખની રકમ ફાળવવામાં આવી છે. જે અન્વયે ગાંધીનગરમાં મેદાનો માટે ઈન્ડોર સ્પોર્ટસ બિલ્ડીંગ બનાવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. રમત ગમતના મેદાનો અને ઈન્ડોર સ્પોર્ટસ બિલ્ડીંગની કામગીરી પાછળ અંદાજિત ૧૧.૪૦ કરોડનો ખર્ચ કરાશે જયારે આગામી દિવસોમાં કામગીરી પુર્ણ કરી દેવાશે.

### અન્ડર પાસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફોરલેન કરવા માટે કામગીરી ચાલી રહી છે. નગરના મુખ્યમાર્ગો પર ટ્રાફિક સિગ્નલ પણ જબુકતા થઈ ગયા છે. ત્યારે શહેરમાં ટ્રાફિકની અવરજવર વધુ સરળ અને સલામત બને તે માટે માર્ગ નિર્માણની કામગીરી અન્વયે પણ અન્ડર પાસની કામગીરી હાથ ધરવામાં આવી છે. નગરના ઘ માર્ગ પર છેલ્લા દોઢ વર્ષથી અન્ડર પાસનુ કામ ચાલી રહ્યુ છે. જયારે ગ માર્ગ પર પણ બે મહીનાથી અન્ડર પાસના પ્રોજકટનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. શહેરના મુખ્ય ઘ અને ગ માર્ગ પર અન્ડર પાસની કામગીરીના લીધે હાલ ટ્રાફિકની અવરજવર પણ પ્રભાવિત થઈ છે. નગરના હાર્દ સમા વિસ્તારમાં ભુલભુલૈયા જેવા દ્રશ્યો સર્જાયા છે. જો કે હજુ મુખ્ય ચ માર્ગ પર અન્ડર પાસની યોજના અમલી બની નથી. શહેરના ચ માર્ગ પર ચ-૨ અને ચ-૩ પાસે અન્ડર પાસના નિર્માણ માટે પણ આયોજન કરાયુ છે. જયારે આ મામલે તંત્રએ વિભાગને રૂ ૫૦ કરોડના ખર્ચના અંદાજ સાથે દરખાસ્ત પણ સુપ્રત કરી છે. બજેટલક્ષી દરખાસ્ત હજુ પેન્ડીંગ છે. પરંતુ હાલ નગરના મુખ્ય બે માર્ગો અન્ડર પાસના લીધે બ્લોક થયેલા છે. જેના લીધે ચ માર્ગ પર ટ્રાફિકનુ પ્રમાણ વધ્યુ છે. આવા સંજોગોમાં ચ માર્ગ પર અન્ડર પાસનુ કામ હાથ ધરવાનુ પણ શક્ય નથી. આગામી ટુંક સમયમાં ઘ માર્ગ પર અન્ડર પાસ તૈયાર થઈ જશે. જયારે નજીકના દિવસોમાં ચ માર્ગ પર અન્ડર પાસ બનાવાની યોજના પણ આખરી કરાશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

### તંત્રની અપીલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભવનની ડિવઝિનલ કચેરી ઉપરાંત સે- ૩ ની ડ્રેનેજ ઈન્કવાયરી ખાતે પણ કાઉન્ટર કાર્યરત કરાયુ છે. મહીનાના અંત સુધીમાં વેરો ચુકવીને વળતરની યોજનાનો લાભ લેવા માટે પણ પાટનગર યોજના વિભાગના પેટા વિભાગ નં -૧૮ ના નાયબ કાર્યપાલક ઈજનેરે અપીલ કરી છે.

### વિધાનસભામાં...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજ્યકક્ષાએથી આ યોજનામાં કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. ગ્રાન્ટ કેન્દ્ર સરકાર દ્વારા સીધી ફાળવી આપવામાં આવતી હોય છે.

પૂરક પ્રશ્નના ઉત્તરમાં ગ્રામ વિકાસ મંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૯-૨૦ માં મનરેગા અંતર્ગત ૩,૪૪,૩૨૫ માનવદિન રોજગારી ઉત્પન્ન કરાઈ હતી. જ્યારે ૨૦૨૦-૨૧ના વર્ષમાં ૨,૭૦,૦૫૮ માનવદિન રોજગારી ઉભી કરાઈ છે.

મંત્રીએ જણાવ્યુ હતુ કે ૩૧-૧૨-૨૦ ની સ્થિતિએ માનવદિન રોજગારીનો દર ૧-૪-૨૦ થી રૂ. ૨૨૪ નિયત કરવામાં આવેલ છે.

**● સહકારી અને ખાનગી એ.પી.એમ.સી.**

કોંગીના ડૉ. સી.જે. ચાવડાએ ગાંધીનગર જિલ્લામાં સહકારી અને ખાનગી એ.પી.એમ.સી. અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે જિલ્લામાં ચાર તાલુકામાં ૪ સહકારી એ.પી.એમ.સી. આવેલ છે.

જિલ્લામાં એક પણ ખાનગી એ.પી.એમ.સી. આવેલ નથી અને છેલ્લા બે વર્ષમાં કોઈ ખાનગી એ.પી.એમ.સી. શરૂ કરવામાં આવી નથી.

**● વ્યાપારી એકમો સામે કાર્યવાહી**

ભાજપના શંભુજી ઠાકોર, બલરાજસિંહ ચૌહાણ અને ગજેન્દ્રસિંહ પરમારે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા કેટલા વ્યાપારી એકમોની તપાસ કરાઈ તે બાબતે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૨૩૯ એકમોમાં તપાસ કરાઈ હતી. આ તપાસ દરમ્યાન કસુરવાર સામે કાયદેસરની કાર્યવાહી કરી રૂ. ૯૬,૭૦૦ની ગુન્હા માંડવાળ ફી વસુલ કરવામાં આવેલ છે.

**● જિલ્લામાં ખેડૂત ખાતેદારો**

કોંગીના સુરેશ પટેલ દ્વારા ૩૧-૧૨-૨૦ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ખેડૂત ખાતેદારો અંગેની વિગતો માંગવામાં આવી હતી.

કૃષિમંત્રીએ જણાવ્યુ હતુ કે ૨૦૧૫-૧૬ ની ગણના મુજબ ગાંધીનગર જિલ્લામાં સીમાંત ખેડૂત ખાતેદારો ૭૭,૮૧૧, નાના ખેડૂત ખાતેદારો ૩૩,૦૨૩, અર્ધ-મધ્યમ ખેડૂત ખાતેદારો ૧૬,૨૨૮, મધ્યમ ખેડૂત ખાતેદારો ૪,૪૫૨ અને મોટા ખેડૂત ખાતેદારો ૨૪૯ હતા.

કૃષિમંત્રીએ જણાવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧ની સરખામણીએ એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬માં સીમાંત ખેડૂત ખાતેદારોમાં ૯૯૧૩નો વધારો, નાના ખેડૂત ખાતેદારોની સંખ્યામાં ૩૫૭૦ નો વધારો, અર્ધ-મધ્યમ ખેડૂત ખાતેદારોની સંખ્યામાં ૫૧૦ નો વધારો અને મધ્યમ ખેડૂત ખાતેદારોની સંખ્યામાં ૩૮૩ નો ઘટાડો તેમજ મોટા ખેડૂત ખાતેદારોની સંખ્યામાં ૧૨૮નો ઘટાડો નોંધાયેલ છે.

તેમણે કહ્યુ કે ખેડૂત ખાતેદારોની સંખ્યામાં ૧૩,૪૮૨નો વધારો નોંધાયો છે.

**● રમત-ગમતના મેદાન માટે ફાળવેલ ગ્રાન્ટ**

કોંગીના ડૉ. સી.જે. ચાવડાએ ગાંધીનગર જિલ્લામાં ૩૧-૧૨-૨૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રમતગમતના મેદાન માટે ફાળવેલ ગ્રાન્ટ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં રમત-ગમત મંત્રીએ જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૯-૨૦ માં ૨૦૦ લાખ રૂ. અને ૨૦૨૦ માં રૂ. ૧૦૦ લાખની ફાળવણી કરવામાં આવી હતી.

ગાંધીનગર ખાતે ઈન્ડોર સ્પોર્ટસ બિલ્ડીંગની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. તેમણે જણાવ્યુ હતુ કે ગાંધીનગર ખાતે ઈન્ડરો સ્પોર્ટસ બિલ્ડીંગની કામગીરી માટે રૂ. ૧૧૪૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે અને તે બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવસે.

### વિકાસ પર્વ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખોરજ ગામે ભૂગર્ભ યોજનાના કામની ખાતમુહૂર્ત વિધિ હાથ ધરવામાં આવશે. શહેરમાં નવા સમાવિષ્ટ થયેલા વિસ્તારોમાં રૂ. ૬૦૦ લાખના ખર્ચે વિવિધ માળખાકીય સુવિધાઓ ઉભી કરવાની જોગવાઈ અંદાજપત્રમાં કરવામાં આવી છે. કેટલાક પ્રોજેક્ટ્સના ડી.પી.આર. તેના અંતિમ ચરણમાં છે આ પછી તુરત જ ટેન્ડરીંગની કામગીરી કરી ઝડપથી તે હાથ ધરવામાં આવશે.

મહાનગરપાલિકાની સામાન્ય સભા પણ તેના નવીન બિલ્ડીંગમાં બોલાવવાની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. જો કે ૧૦ મી પછી આ બિલ્ડીંગનો કબ્જો મનપા સંભાળશે અને ત્યારબાદ મહાનુભાવો પાસેથી સમય મેળવી વિકાસ પર્વની ઉજવણી શરૂ કરવામાં આવશે તેમ હાલ તો ચર્ચાઈ રહ્યું છે. મનપાના નવા બિલ્ડીંગને આખરી ઓપ આપવા માટે દિવસ રાત હાલ એક કરવામાં આવી રહ્યા છે. નવા બિલ્ડીંગમાં જો કે મનપાની કચેરી કાર્યરત થતાં બે થી ૩ મહિના જેટલો સમય લાગશે પરંતુ વિકાસનો સંદેશ લોકો સુધી પહોંચે તે માટે આ બિલ્ડીંગના લોકાર્પણનો આગ્રહ રાખવામાં આવી રહ્યો છે.

### સૌથી શ્રેષ્ઠ શહેર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જેમની વસ્તી ૧૦ લાખ કરતા વધારે હતી જ્યારે બીજી કેટેગરીમાં એ શહેરોનો સમાવેશ કરાયો છે જ્યાં ૧૦ લાખ કરતા ઓછી વસ્તી હતી. આ શહેરોમાં એ વાત જોવામાં આવી કે તેમની ગુણવત્તા કેવા સ્તરની છે જ્યાં વિકાસના કામ કરાયા છે, તેની લોકોના જીવ પર કેવી અસર પડે છે.

પહેલી વખત ૨૦૧૮માં રેંકિંગ કરાયું હતું જ્યારે બીજી વખત ૨૦૨૦માં શહેરોનું રેંકિંગ કરાયું. આ કેટેગરીમાં મુખ્ય ત્રણ પિલર્સ છે, આ પિલર્સમાં રહેવાની ગુણવત્તા જેના રેંકિંગ માટે ૩૫ ટકા પોઈન્ટ્સ રાખવામાં આવ્યા છે. બીજો પિલર આર્થિક યોગ્યતા માટે ૧૫% પોઈન્ટ્સ અને વિકાસની સ્થિતિ માટે ૨૦% અંક નક્કી કરાયા છે, પછી ૩૦% લોકો વચ્ચે કરાયેલા સર્વેના આધારે પોઈન્ટ્સ આપવામાં આવ્યા છે.

આ સાથે શહેરોમાં ૧૪ કેટેગરી બનાવવામાં આવી હતી. આ કેટેગરીમાં એ શહેરનું શિક્ષણ સ્તર, સ્વાસ્થ્ય, રહેવાસ અને આશ્રય, સાફ-સફાઈ, ટ્રાન્સપોર્ટ સિસ્ટમ, સુરક્ષા વ્યવસ્થા, આર્થિક વિકાસનું સ્તર, આર્થિક તકો, પર્યાવરણ, વૃક્ષો, ઈમારતો, એનર્જીનો ઉપયોગ વગેરે જેવી કેટેગરીની સમીક્ષા કરાઈ છે. આ પછી ત્યાં લોકો વચ્ચે સર્વે કરાયો. આ સર્વે ૧૯ જાન્યુઆરી ૨૦૨૦થી ૨૦૨૦ સુધી કરાયો. સર્વેમાં ૩૨,૨૦,૦૦૦ લોકોએ પોતાનો મત રજૂ કર્યો. આ મંતવ્યો ઓનલાઈન ફીડબેક, ક્યુ આર કોડ, ફેસ ટૂ ફેસ સહિત અન્ય માધ્યમોથી લેવામાં આવ્યા હતા. આ પછી ૧૧૧ શહેરોની સમીક્ષા કર્યા બાદ તેના રેંકિંગ કરાયા.

૧૦ લાખથી વધારે વસ્તીવાળા શહેરોનાં રેંકિંગમાં બેંગ્લુરુ- ૬૬.૭૦, પુણે- ૬૬.૨૭, અમદાવાદ- ૬૪.૮૭, ચેન્નાઈ- ૬૨.૬૧, સુરત- ૬૧.૭૩, નવી મુંબઈ- ૬૧.૬૦, -૫૯.૨૪, વડોદરા- ૫૯.૨૪, ઈન્દોર- ૫૮.૫૮, ગ્રેટર મુંબઈ- ૫૮.૨૩નો સમાવેશ થાય છે.

૧૦ લાખ કરતા ઓછી વસ્તીવાળા શહેરોના રેંકિંગ મુજબ શિમલા- ૬૦.૯૦, ભુવનેશ્વર- ૫૯.૮૫, સેલવાસા -૫૮.૪૩, કોકિનાડા- ૫૬.૮૪, સેલમ- ૫૬.૪૦, વલ્લોર- ૫૬.૩૮, ગાંધીનગર- ૫૬.૨૫, ગુરુગ્રામ -૫૬.૦૦, દાવનગેરે -૫૫.૨૫, તિરુચિરાપલ્લી- ૫૫.૨૪નો સમાવેશ થયા છે.

### બોંબની અફવાથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સૂચના આપવામાં આવી હતી કે ૧૦૯૦ મુખ્યાલયમાં બોમ્બ છે. ત્યારબાદ સર્ચ ઓપરેશન ચલાવવામાં આવ્યું. ડોગ સ્કવૉયડની મદદથી તપાસ કરવામાં આવી પરંતુ સમગ્ર પરિસરમાં કોઈ બોમ્બ મળ્યો નથી.

આ પહેલા અજાણ્યા શખ્સે ફોન પોલીસને ફોન કરીને તાજમહેલમાં વિસ્ફોટકો હોવાનું જણાવ્યું હતું. બોમ્બની માહિતી મળ્યા બાદ અંદર આવેલા પ્રવાસીઓને બહાર કાઢવામાં આવ્યા અને તાજમહેલના બંને દરવાજા બંધ કરી દેવામાં આવ્યા. જો કે સર્ચ ઓપરેશન બાદ બોમ્બની માહિતિ અફવા હોવાનું સામે આવ્યું હતું. પહેલા તાજમહેલ અને હવે ૧૦૯૦ ઓફિસમાં બોમ્બની ખોટી માહિતિ આપવામાં આવી છે. આ બંને ફોન એક જ વ્યક્તે કર્યા હોવાની આશંકા છે. પોલીસ તે વ્યક્તિની શોધ કરી રહી છે.

### ઘૂંટણીયે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બંને ઓપનરને સસ્તામાં પેવેલિયન ભેગા કરી દીધા હતા. ડોમિનિક સિબ્લી ૨ તથા ઝેક ક્રાઉલી ૯ રન નોંધાવીને આઉટ થયા હતા. ઈંગ્લેન્ડ આ બે ઝટકામાંથી બહાર આવે તે પહેલા જ મોહમ્મદ સિરાજ ત્રાટક્યો હતો. તેણે જો રૂટને આઉટ કરીને ભારત સૌથી મોટી સફળતા અપાવી હતી. રૂટ ૫ રન નોંધાવીને આઉટ થયો હતો. ત્યારબાદ જોની બેરસ્ટો પણ ૨૮ રન નોંધાવીને પેવેલિયન ભેગો થયો હતો. આ બંનેની વિકેટ સિરાજે ઝડપી હતી.

એક સમયે ઈંગ્લેન્ડે ૭૮ રનમાં પોતાની ટોચની ચાર વિકેટ ગુમાવી દીધી હતી. ત્યારે લાગી રહ્યું હતું કે ત્રીજી ટેસ્ટની જેમ આ ટેસ્ટમાં પણ ઈંગ્લેન્ડનો ધબડકો થશે પરંતુ બેન સ્ટોક્સ, ઓલી પોપ અને ડેનિયલ લોરેન્સે ઈંગ્લેન્ડનો ધબડકો અટકાવ્યો હતો. બેન સ્ટોક્સે અડધી સદી ફટકારી હતી અને ટીમ માટે સૌથી વધુ ૫૫ રન નોંધાવ્યા હતા. તેણે ૧૨૧ બોલમાં છ ચોગ્ગા અને બે સિક્સર ફટકારી હતી.

જ્યારે ઓલી પોપે ૨૯ રનનું યોગદાન આપ્યું હતું. લોરેન્સે અન્ય બેટ્સમેનોની તુલનામાં થોડી ઝડપી બેટિંગ કરી હતી. તેણે ૭૪ બોલમાં ૪૬ રન ફટકાર્યા હતા જેમાં ૮ ચોગ્ગા સામેલ હતા. વિકેટકીપર બેન ફોક્સ ૧ અને ડોમિનિક બેસ ૩ રન નોંધાવીને આઉટ થયા હતા. ભારત માટે અક્ષર પટેલે સૌથી વધુ ૪ વિકેટ ઝડપી હતી. જ્યારે અશ્વિને ૩, મોહમ્મદ સિરાજે બે તથા વોશિંગ્ટન સુંદરે એક વિકેટ પોતાના નામે કરી હતી.